॥ શ્રી ચિંતે નમઃ ॥ ॥ શ્રીમતે રામાનુજાય નમઃ ॥

ધોરણ ૧૦ કે ૧૨ પાસ કે નાપાસ?

આજે જ અમારી મુલાકાત લો.

યુરોપમાં નોકરી મેળવવાની સુવર્ણ તક

મહીને ₹૮૫,૦૦૦ થી ₹૧,૨૫,૦૦૦ સુધી કમાવો

305 - Vidhi Gold, Opp. Narayan Jewellers, Jetalpur Road, Alkapuri, Vadodara - 390020.

TIRUPATI IMMIGRATION INC.

Ph : 97277 54716 / 22

પાન : ૪ કિંમત રૂા.૧.૦૦ તા. ૦૭ ફેબ્રુઆરી, ૨૦૨૬, શનિવાર

વડોદરાથી પ્રસિધ્ધ થતું દૈનિક

Page : 4 * Price : Rs. 1 * 07th February-2026, Saturday * Year : 11 * Volume : 289 * Published From Vadodara. (Guj.)

વડપ્રદ ટુડે

Vadprad Today

તંત્રીઃ ઉમેશ જયંતિલાલ જોબનપુત્રા વિક્રમ સંવત : ૨૦૮૨ માહે મહા વદ-૬ વર્ષ : ૧૧, અંક : ૨૮૯

RNI No. GUJGUJ/2015/61903 * Web. www.vadpradtoday.com * Email : vadpradtoday@gmail.com * Mo. +91 79840 12696 VDR (E) 342/2020-2023

॥ શ્રી ચિંતે નમઃ ॥ ॥ શ્રીમતે રામાનુજાય નમઃ ॥

અમેરિકાના Visitor Visa મેળવો

• વિઝા ના મળે તો અમારી FEES પરત
• With / Without Sponsor

AUSTRALIA UK CANADA EUROPE

ના વિઝિટર વિઝાના પ્રોસેસ માટે મળો.

અમારા દ્વારા મેળવેલ વિઝાની મારી એજેન્સમાં રૂબરૂ વધારી જોઈ લેશો.
બીજા કમસારમ પારે વિઝા પ્રોસેસ કરાવતા પહેલા અમારી ઓફીસી પધારી ખાત્રી કરી લેશો.

305 - Vidhi Gold, Opp. Narayan Jewellers, Jetalpur Road, Alkapuri, Vadodara - 390020.

TIRUPATI IMMIGRATION INC.

Ph : 97277 54716 / 22

વૈભવી સુર્યવંશીના ૮૦ બોલમાં ૧૭૫ રન સાથે ભારતે અંડર-૧૯ની ફાયનલમાં ૪૧૧ રનનો વિશાળ સ્કોર ખડકી દેતા અંગ્રેજ બેટધરો ઘુંટણીયે

અંડર-૧૯માં વિશ્વકપમાં ભારતનો ૧૦૦ રને 'વૈભવી' વિજય

હરારે, તા.૬

ભારતે છઠ્ઠીવાર અંડર-૧૯ વર્લ્ડ કપ જીતી લીધો છે. શુક્રવારે ભારતીય ટીમે ઈંગ્લેન્ડ પર ૧૦૦ રનથી શાનદાર જીત મેળવી હતી. હરારે સ્પોર્ટ્સ ક્લબમાં ભારતીય ટીમે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી હતી. ટીમે ૫૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૪૧૧ રન બનાવ્યા હતા.૪૧૨ રનના ટાર્ગેટને ચેઝ કરી રહેલી ઈંગ્લેન્ડની ટીમ ૪૦.૨ ઓવરમાં ૩૧૧ રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી આર.એસ અંબરીશે ૩ વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડ માટે કાલેબ ફોલ્ક્નરે ૧૧૫ રન બનાવ્યા હતા. તેઓ એક છેડેથી લડત આપતા રહ્યા, પરંતુ બીજા છેડેથી સતત વિકેટો પડતી રહી. જે ઈંગ્લેન્ડની હારનું મુખ્ય કારણ બન્યું હતુ.ભારતની શરૂઆત પહેલી જ ઓવરથી સારી રહી હતી. ભારતીય બોલરોએ ઈંગ્લેન્ડના બેટધરોને રન કરતા રોકી રાખ્યા હતા. ત્યારબાદ વિકેટ પડવાનો સીલસીલો શરૂ થયો હતો. ઈંગ્લેન્ડે પાવર પ્લેમાં ૬૪ રનને તેની પ્રથમ વિકેટ ગુમાવી હતી. ૧૩મી ઓવરના છેલ્લા બૉલે ઈંગ્લેન્ડે લેન મેયસની વિકેટ ગુમાવી હતી. તેણે ૪૫ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડે ૧૮મી ઓવરમાં થોમસ રેવની વિકેટ ગુમાવી હતી. ૨૧મી ઓવરમાં ઈંગ્લેન્ડે એક સાથે બે વિકેટ ગુમાવતા ભારતની જીતનો પાયો મજબૂત બની ગયો હતો. ત્યારબાદ વિકેટ પડવાનો ક્રમ યથાવત રહ્યો હતો. જોકે કાલેબ ફોલ્ક્નરે એક તરફનો છેડો જાળવી રાખી આક્રમક બેટીંગ કરી સદી ફટકારી હતી. જોકે તે ૧૧૫ રને આઉટ થવા સાથે ભારતનો વિશ્વકપમાં સતત છઠ્ઠો વૈભવી વિજય થયો હતો.ભારતીય અંડર-૧૯ ક્રિકેટ ટીમે વર્લ્ડ કપની ફાઈનલમાં ઈતિહાસ રચી દીધો હતો. ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલા આ મહામુકાબલામાં ભારતે પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં ૬ વિકેટના નુકસાન પર ૪૧૧ રનનો વિશાળ સ્કોર ખડકી દીધો હતો. આ ફાઈનલ મેચમાં ભારતે એટલો મોટો સ્કોર બનાવ્યો છે જે અત્યાર સુધીના અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસમાં ફાઈનલ મેચનો સૌથી મોટો સ્કોર બની ગયો છે. આમ, ભારતે ઈંગ્લેન્ડ સામે જીતવા માટે ૪૧૨ રનનો પહાડ જેવો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો.આ એતિહાસિક સ્કોર પાછળ સૌથી મોટું યોગદાન યુવા બેટર વૈભવ સૂર્યવંશીનું રહ્યું છે. વૈભવે એકલા હાથે ૧૭૫ રન ફટકારી દીધા હતા. તેની આ આક્રમક ઈનિંગને કારણે ઈંગ્લેન્ડના બોલરો લાચાર દેખાતા હતા. ફાઈનલ જેવી દબાણવાળી મેચમાં આટલી મોટી ઈનિંગ રમીને વૈભવે પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે અને ટીમને મજબૂત સ્થિતિમાં મુકી દીધી હતી. વૈભવ સૂર્યવંશી ૮૦ બોલમાં ૧૭૫ રન બનાવીને આઉટ થયો. તેણે ૨૨૮.૭૫ના સ્ટ્રાઇક રેટથી બેટિંગ કરતા ૧૫ ચોગ્ગા અને ૧૫ છગ્ગા ફટકાર્યા. કેપ્ટન આયુષ મ્હાત્રે (૫૩ રન)એ અડધી સદી ફટકારી હતી. અભિજ્ઞાન કુંડુએ ૪૦, વેદાંત ત્રિવેદીએ ૩૨ અને વિહાન મલ્હોત્રાએ ૩૦ રન બનાવ્યા હતા. કનિષ્ક ચૌહાણ ૩૭ રન બનાવી અણનમ રહ્યો હતો. ઈંગ્લેન્ડ તરફથી જેમ્સ મીટોએ ત્રણ વિકેટ લીધી. સેબેસ્ટિયન મોર્નિંગ અને એલેક્સ ગ્રીને બે-બે વિકેટ ઝડપી હતી.

અંગ્રેજ બોલરોની બેરહમીપુર્વક ધોલાઈ કરતો ૧૪ વર્ષીય વૈભવ સુર્યવંશી

વૈભવ સુર્યવંશીએ ૮૦ બોલમાં ૧૫ છગ્ગા સાથે ૧૭૫ રન ફટકારી અનેક વિક્રમો તોડ્યા

હરારે, તા.૬

૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીનું નામ હવે ઘર-ઘરમાં જાણીતું છે. દરેક મેચ...દરેક દુનમિન્ટમાં કંઈક ને કંઈક રીતે તે કમાલ કરી દેખાડે છે. અંડર-૧૯ વર્લ્ડ કપની ફાઈનલમાં તેણે અંગ્રેજોને જે રીતના લાચાર કર્યા છે એ દરેક બાળક, દરેક યુવા, દરેક વૃદ્ધ યાદ રાખશે.ઈંગ્લેન્ડ સામે વૈભવની તોફાની ઈનિંગ અત્યારસુધીની સૌથી બેસ્ટ ઈનિંગ રહી છે. તેણે ૮૦ બોલમાં ૧૭૫ રન ફટકાર્યા. તેની આ વિસ્ફોટક બેટિંગમાં ૧૫ ચોગ્ગા અને ૧૫ છગ્ગા સામેલ હતા. આ દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ ૨૧૮.૭૫ રહ્યો હતો. આ ફાઈનલમાં તેણે રેકોર્ડ્સ તોડવાની વણઝાર સર્જી દીધી હતી.વૈભવ સૂર્યવંશી ૩-૧૯ વર્લ્ડ કપ ફાઈનલમાં સેન્ચુરી ફટકારનારો ત્રીજો ભારતીય બન્યો છે. તેની પહેલાં ૨૦૧૨માં કેપ્ટન ઉન્મુકત ચંદે ઓસ્ટ્રેલિયા સામે ૧૧૧★રન બનાવ્યા હતા. જ્યારે મનજોત કાલરાએ ૧૦૧★ રનની ઈનિંગ ૨૦૧૮માં ઓસ્ટ્રેલિયા સામે જ રમી હતી. આ બન્ને સેન્ચુરી રનચેઝમાં આવી હતી.વૈભવ સૂર્યવંશી હવે અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર બેટર બની ગયો છે. આ ટુર્નામેન્ટમાં વૈભવે કુલ ૩૦ છગ્ગા ફટકારીને એક નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે.વૈભવે સાઉથ આફ્રિકાના ડેવાલ્ડ બ્રેવિસ અને ન્યૂઝીલેન્ડના ફિન એલનનો રેકોર્ડ તોડી નાખ્યો છે. બ્રેવિસે ૨૦૨૨ની એડિશનમાં ૧૮ છગ્ગા માર્યા હતા, જ્યારે ફિન એલને ૨૦૧૬ અને ૨૦૧૮ની એડિશન મળીને કુલ ૧૮ છગ્ગા ફટકાર્યા હતા. વૈભવની આ સિદ્ધિ ખરેખર અવિશ્વસનીય છે, કારણ કે તેણે માત્ર એક જ ટુર્નામેન્ટમાં આ બંને મોટા પ્લેયર્સને ઘણા મોટા અંતરથી પાછળ છોડી દીધા છે.વૈભવ સૂર્યવંશીએ ૦૧૯ વર્લ્ડ કપમાં બીજા ફાસ્ટેસ્ટ સેન્ચુરી ફટકારી છે. તેણે ઈંગ્લેન્ડ સામે ફાઈનલમાં ૫૫ બોલમાં પોતાની સદી પૂરી કરી. તેણે પાકિસ્તાનના કાસિમ અક્રમને પાછળ છોડ્યા છે. આ લિસ્ટમાં પહેલા નંબરે ઓસ્ટ્રેલિયાનો વિલ મલાઝચુક છે. તેણે આ ટુર્નામેન્ટમાં ગ્રુપ સ્ટેજમાં જાપાન સામે ૫૧ બોલમાં સદી પૂરી કરી હતી.૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશીએ એક જ ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો પણ રેકોર્ડ તોડ્યો છે. તેણે ઈંગ્લેન્ડ સામે ફાઈનલમાં ટોટલ ૧૫ છગ્ગા ફટકાર્યા હતા. આ સાથે જ તેણે ઓસ્ટ્રેલિયાના માઈકલ હિલનો રેકોર્ડ તોડ્યો છે. તેમણે ૨૦૦૮માં નામિબિયા સામે ૧૨ સિક્સ ફટકારી હતી.

ભાવોમાં સતત વધઘટ થતી હોવાને કારણે

ફુગાવા મોનીટરી ફ્રેમવર્કમાં હવે સોના-ચાંદીનો પણ સમાવેશ કરતી રિઝર્વ બેન્ક

નવીદિલ્હી, તા.૬

ભારતીય રિઝર્વ બેન્કે શુક્રવારે બેઠક બાદ મોટા નિર્ણયોની જાહેરાત કરી છે. રેપો રેટમાં કોઈ જ ફેરફારલ ન કરવાનો નિર્ણય લેવાયો છે, જેથી તમારી લોનના હપ્તામાં કોઈ ફેરફાર થશે નહીં. આ સિવાય એમએસએમઈ બિઝનેસ માટે લોનની રકમ વધારીને ૨૦ લાખ રૂપિયા કરવામાં આવી છે. સોના-ચાંદીને લઈને પણ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. રિઝર્વ બેન્કે કહ્યું છે કે ઈન્ફ્લેશન મોનિટરી ફ્રેમવર્કમાં જે વસ્તુઓ પર નજર રાખવામાં આવે છે તે લિસ્ટમાં સોના-ચાંદીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે અત્યાર સુધી આ ફ્રેમવર્કમાં ડુંગળી અને ટામેટાં જેવી વસ્તુઓની કિંમત પર નજર રાખવામાં આવતી હતી. હવે સોના-ચાંદીની કિંમતો પર પણ નજર રાખવામાં આવશે. જોકે વિશ્લેષકોનું માનવું છે કે આ નિર્ણય સોના-ચાંદીની કિંમતોમાં અચાનક જ વધારા-ઘટાડાને જોતાં લેવામાં આવ્યો છે. આ નિર્ણયની સોના-ચાંદીની કિંમતો પર કોઈ અસર નહીં થાય. નોંધનીય છે કે અમેરિકન ડોલર નબળો થવાના કારણે વૈશ્વિક સ્તરે સોના-ચાંદીની કિંમતમાં છેલ્લા ૪ મહિનાથી ભારે તેજી જોવા મળી રહી છે. જોકે વચ્ચે અચાનક જ બંને કિંમતી ધાતુની કિંમતમાં ઘટાડો પણ થયો હતો. સોના-ચાંદીની કિંમત મોટા ભાગે સ્થિર માનવામાં આવતી અને તેમાં ધીમે ધીમે વધારો થતો હતો. પણ હાલના દિવસોમાં ભારે તેજીના કારણે ચાંદી તો એક સમયે ૪ લાખ રૂપિયાને પાર જતી રહી હતી. જે બાદ કિંમતો ફ્રેશ પણ થઈ.આરબીઆઈ અનુસાર ભારતમાં મોંઘવારી કાબૂમાં છે. સોનું-ચાંદી છોડીને ભારતમાં મોંઘવારી દર ૨.૬ ટકા હતો. જોકે સાથે સાથે ચેતવણી પણ આપી છે કે વૈશ્વિક ઉથલપાથલ, ઉર્જા બજારોમાં અસ્થિરતા, મોસમમાં બદલાવના કારણે મોંઘવારીમાં વધારો થઈ શકે છે.

વડાપ્રધાનના પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં મુખ્યપ્રધાન જોડાયા

પરીક્ષા તમારી મહેનતનું પ્રતિબિંબ અને તણાવને સફળતામાં બદલવાનું પ્લેટફોર્મ છે : ભૂપેન્દ્ર પટેલ

(પ્રતિનિધિ) અમદાવાદ, તા.૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રિય કાર્યક્રમ 'પરીક્ષા પે ચર્ચા' અંતર્ગત આજે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરની આનંદ નિકેતન સ્કૂલ ખાતે હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં તેમની સાથે રાજ્યના શિક્ષણમંત્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો અને તેમને તણાવમુક્ત રહી પરીક્ષા આપવા પ્રોત્સાહિત કર્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાના સંબોધનની શરૂઆત હળવા અંદાજમાં કરી હતી. તેમણે કહ્યું કે, ''વિદ્યાર્થી કાળમાં આપણા સૌના મનમાં એક વિચાર ચોક્કસ આવે કે આ પરીક્ષાની શોધ કોણે કરી હશે?'' તેમણે કહ્યું કે, પરીક્ષા એ જીવનની કસોટી નથી, પણ આપણી મહેનતનું પ્રતિબિંબ છે અને સ્ટ્રેસને સક્સેસમાં બદલવાનું પ્લેટફોર્મ છે. તેમણે ડિપ્રેશનમાં આવ્યા વિના જીવનનું સંતુલન જાળવીને કોઈ પણ પરિસ્થિતિમાં સ્વસ્થ મનથી આગળ વધવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીએ ડિજિટલ યુગમાં સ્માર્ટફોનના વપરાશ અંગે ચિંતા વ્યક્ત કરતા વિદ્યાર્થીઓને પૂછ્યું હતું કે તમારામાંથી કેટલા લોકો ફોન વાપરે છે? મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે ટેકનોલોજીના આ યુગમાં સોશિયલ મીડિયા અને મોબાઈલ માટે સમય મર્યાદા નક્કી કરવી ખૂબ જરૂરી છે. પોતાના પરિવારનો કિસ્સો શેર કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ''મારો પૌત્ર પણ મારી પાસે આવીને કહે છે કે દાદુ, મારે રિલ્સ જોવી છે. અમે તેનો ૮ મિનિટનો સમય નક્કી કરીએ છીએ, પરંતુ ૮ મિનિટ પૂરી થતા જ તે બીજી ૫ મિનિટની માંગણી કરે છે.'' આ ઉદાહરણ દ્વારા તેમણે સમજાવ્યું કે જો આપણે સમયનું વ્યવસ્થાપન નહીં કરીએ, તો ટેકનોલોજી આપણો કિંમતી સમય વેડફી નાખશે. તેમણે વિદ્યાર્થીઓને સલાહ આપી કે દરેક વસ્તુનો સમય નક્કી હોવો જોઈએ. બાળકો જેમ અભ્યાસ, વાંચન, રમત-ગમતનો સમય અને ટાઈમ ટેબલ નિયત કરે છે તેમ મોબાઈલ જોવાનો પણ કોઈ ચોક્કસ સમય નક્કી કરે, મોબાઈલની આદત ન કેળવે તેવી પણ તેમણે શિખ આપી હતી. વર્તમાન સમયમાં પરીક્ષાને લઈને માતા-પિતામાં જે ડર જોવા મળે છે, તેના પર પણ મુખ્યમંત્રીએ ટકોર કરી હતી. તેમણે કહ્યું કે, ''પહેલાના સમયમાં પરીક્ષા ક્યારે આવીને જતી રહેતી તેની ખબર પણ પડતી નહોતી, જ્યારે આજે માત્ર પરીક્ષાલક્ષી વાંચન જ થતું જોવા મળે છે.''તેમણે વાલીઓને વિનંતી કરી કે બાળકો પર બિનજરૂરી દબાણ ન લાવે. વિદ્યાર્થીઓને ઉદ્દેશીને તેમણે કહ્યું કે,''કોઈ પણ દેન્સન વગર પરીક્ષા આપો અને જે પરિણામ આવે તેનો હકારાત્મક રીતે સ્વીકાર કરી જીવનમાં આગળ વધો.''મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જીવનમાંથી શીખવા જેવી બાબતો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું કે વડાપ્રધાનએ હંમેશા વિદ્યાર્થીઓની મુશ્કેલીઓના સચોટ જવાબો આપ્યા છે. કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં મનને સ્વસ્થ અને શાંત કેવી રીતે રાખવું, તે પ્રધાનમંત્રીના વ્યક્તિત્વમાંથી શીખવા જેવું છે. છેલ્લે, તેમણે તમામ વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાઓ માટે અંતઃપૂર્વક શુભેચ્છાઓ પાઠવી હતી.

દિલ્હીમાં ખાડામાં પડવાથી યુવાનનું મોત થતાં ત્રણ ઈજનેરો સસ્પેન્ડ

નવીદિલ્હી, તા.૬

રાજધાની દિલ્હીના જનકપુરી વિસ્તારમાં વહીવટીતંત્રની ઘોર બેદરકારીને કારણે એક આશાસ્પદ યુવાનનું મોત નિપજ્યું છે. દિલ્હી જલ બોર્ડ દ્વારા પાઈપલાઈનના કામ માટે ખોદવામાં આવેલા ઊંડા અને અસુરક્ષિત ખાડામાં બાઈક સાથે ખાબકતા ૨૫ વર્ષીય કમલનું ઘટનાસ્થળે જ દુઃખદ અવસાન થયું હતું. આ ઘટનાને પગલે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, જેને જોતા દિલ્હી સરકારે તાત્કાલિક અસરથી કડક પગલાં ભરવાનું શરૂ કર્યું છે.ઘટનાની ગંભીરતાને જોતા દિલ્હીના મંત્રી પ્રવેશ વર્મા મોડી રાત્રે જ અકસ્માત સ્થળે પહોંચ્યા હતા. તેમણે પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યા બાદ તત્કાલ અસરથી દિલ્હી જલ બોર્ડના ત્રણ અધિકારીઓએ એ ડિક્ઝ્યુટિવ એન્જિનિયર, આસિસ્ટન્ટ એન્જિનિયર અને જુનિયર એન્જિનિયરને સસ્પેન્ડ કરી દીધા છે. મંત્રીએ સ્પષ્ટ કર્યું કે, રસ્તા પર ત્રણ મહિનાથી કામ ચાલતું હોવા છતાં સુરક્ષાના પૂરતા માપદંડોનું પાલન નહોતા, તેની તપાસ કરવામાં આવશે. સરકારે આ સમગ્ર મામલે એક ઉચ્ચસ્તરીય તપાસ સમિતિની રચના કરી છે, જે ૨૪ કલાકની અંદર પોતાનો અહેવાલ રજૂ કરશે. મંત્રી આશિષ સૂદે પણ ખાતરી આપી છે કે આ અકસ્માત માટે જવાબદાર કોઈપણ વ્યક્તિ કે એજન્સીને બક્ષવામાં આવશે નહીં. જે ખાનગી કંપનીને આ પ્રોજેક્ટ સોંપવામાં આવ્યો હતો, તેની સામે પણ ફોજદારી કાર્યવાહી કરવાની તૈયારીઓ ચાલી રહી છે.મૃતક કમલ રોહિણી સ્થિત તેની ઓફિસથી ઘર પરત ફરી રહ્યો હતો

અનુ. પાન.. (૨) ઉપર

પરીક્ષા પે ચર્ચામાં પરીક્ષાર્થીઓને માર્ગદર્શન આપતા વડાપ્રધાન

સ્વપ્ના જોવા એ ગુનો નથી, પરંતુ તેના વિશે માત્ર વાતો કરવી એ વ્યર્થ છે : નરેન્દ્ર મોદી

નવીદિલ્હી, તા.૬

આજે સવારે દેશભરના લાખો વિદ્યાર્થીઓના ચહેરા પર એક અલગ જ ઉત્સાહ હતો. પરીક્ષા પે ચર્ચાની ૯મી આવળત્તિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માત્ર પરીક્ષાના તણાવની જ વાત ન કરી, પરંતુ જીવન જીવવાની એક નવી દ્રષ્ટિ આપી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, સ્વપ્નો જોવા એ ગુનો નથી, પરંતુ જો તમે તેને સાકાર કરવા માટે પગલાં નથી લેતા અને માત્ર તેના વિશે વાતો જ કરો છો, તો તે વ્યર્થ છે. પીએમ મોદીએ વિદ્યાર્થીઓને સમજાવ્યું કે સફળતા કોઈ લિફ્ટ નથી કે જે સીધી ઉપર લઈ જાય, પરંતુ તે એક સીડી છે જ્યાં દરેક પગથિયું મહેનત અને ધીરજથી ચઢવું પડે છે. તેમણે મહાન વિભૂતિઓના જીવનચરિત્રો વાંચવાની સલાહ આપી જેથી યુવાનો સમજી શકે કે આજના સફળ વ્યક્તિઓ પણ ક્યારેક સામાન્ય પરિસ્થિતિઓમાંથી જ આગળ આવ્યા હતા.કાર્યક્રમ દરમિયાન સૌથી રમ્ય સ્ક્રમ એને પ્રેરણાદાયી ક્ષણ ત્યારે આવી જ્યારે સુવિધાઓના અભાવ અંગે પ્રશ્ન પૂછાયો. વડાપ્રધાને આત્મવિશ્વાસ સાથે જવાબ આપ્યો કે પ્રગતિ માટે માત્ર લક્ઝરી હોવી જરૂરી નથી. તેમણે નાના ગામડાઓના એવા તેજસ્વી વિદ્યાર્થીઓના ઉદાહરણ આપ્યા જેઓ મર્યાદિત સાધનો છતાં બોર્ડની પરીક્ષામાં ટોપ કરે છે. તેમણે ફ્રન્ટર્ઝ ઝોન માંથી બહાર નીકળવાની હાકલ કરતા કહ્યું કે, ક્ષમતા સુવિધાઓથી નહીં પણ સંઘર્ષથી નિખરે છે. વધુમાં, ગેમિંગ જેવી આધુનિક કારકિર્દી પસંદ કરતા યુવાનોને તેમણે હૈયાધારણ આપી કે શરૂઆતમાં વાલીઓનો વિરોધ હોઈ શકે છે, પરંતુ જ્યારે તમે તમારી પ્રતિભાથી મેડલ કે સન્માન મેળવો છો, ત્યારે એ જ પરિવાર તમારી સૌથી મોટી તાકાત બની જાય છે.શિક્ષણ પદ્ધતિ અને સમયના વ્યવસ્થાપન પર પ્રકાશ પાડતા, પીએમ મોદીએ શિક્ષકોને ખાસ અપીલ કરી કે તેઓએ વિદ્યાર્થીઓથી માત્ર એક ડગલું આગળ રહેવું જોઈએ જેથી વિદ્યાર્થીઓ પાછળ ન છૂટી જાય. તેમણે મેડ ઇન ઇન્ડિયા અપનાવવા, સ્વચ્છતા રાખવા અને ભારતીય માનક સમય પ્રત્યે ગંભીર બનવા પર ભાર મૂકીને વિદ્યાર્થીઓને રાષ્ટ્ર નિર્માણના સૈનિકો ગણાવ્યા. વડાપ્રધાને અંતમાં એક સચોટ વાત કહી કે આપણા લક્ષ્યો એટલા ઊંચા ન હોવા જોઈએ કે આપણે નિરાશ થઈ જઈએ, અને એટલા નીચા પણ ન હોવા જોઈએ કે આપણને પ્રયત્ન કરવાની જરૂર જ ન પડે. આ સંવાદે માત્ર પરીક્ષાનો ડર જ દૂર નથી કર્યો, પરંતુ આવતીકાલના વિકસિત ભારત માટે નવી ઉર્જાનો સંચાર કર્યો છે.

સરકાર રાજયના તમામ શ્રમિકોની અકસ્માત સહાયમાં એક લાખનો વધારો કરશે

(પ્રતિનિધિ) અમદાવાદ, તા.૬

ગુજરાતમાં અત્યાર સુધી શ્રમિકો માટે અલગ-અલગ બોર્ડ હેઠળ અલગ-અલગ સહાયની જોગવાઈ હતી, જેના કારણે શ્રમિકોમાં અન્યાયની લાગણી અનુભવાતી હતી. તેને દૂર કરવા હવે,ગુજરાત સરકારે એવો નિર્ણય કર્યો છે કે, રાજ્યના અસંગઠિત ક્ષેત્રના લાખો શ્રમિકો અને બાંધકામ કામદારો વચ્ચે અકસ્માત વળતરની રકમમાં જે તફાવત હતો, તેને હવે દૂર કરાશે. રાજ્ય વિધાનસભા ગૃહમાં ૧૮મી, ફેબ્રુઆરીએ રજૂ થનારા ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૬-૨૭ના આગામી બજેટમાં સરકાર દ્વારા 'ગુજરાત સામૂહિક જૂથ જનતા અકસ્માત વીમા યોજના' હેઠળ તમામ શ્રમિકો માટે હવે, રૂ.૫ લાખની એકસમાન સહાય આપવાની કે સમાન સુરક્ષા કવચ પૂંડુ પાડવાની જાહેરાત કરાશે. રાજ્ય સરકારનો આ નિર્ણય શ્રમયોગીઓને 'સુરક્ષાની ગેરંટી' આપશે. રૂ.૧૨ કરોડ જેવી નાની પ્રિમિયમની રકમ સામે લાખો પરિવારોને "રૂ. ૫ લાખનું કવચ પૂંડુ પાડવું એ મોડેલ સ્ટેટ તરીકે ગુજરાતની એક ઉત્તમ પહેલ ગણાશે. આ ફેરફારથી રાજ્યના લાખો શ્રમિક પરિવારોને આર્થિક સુરક્ષા મળશે અને અકસ્માત જેવી કપરી પરિસ્થિતિમાં મોટો ટેકો મળી રહેશે. અત્યાર સુધી ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેઠળ અકસ્માતે મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં શ્રમિકો કે કામદારોને રૂ. ૩ લાખથી રૂ. ૪ લાખ સુધીની સહાય મળતી હતી. જે તાજેતરમાં કેટલાક કિસ્સાઓમાં રૂ.૫ લાખ સુધી લંબાવવામાં આવી હતી. ગ્રામીણ અને અસંગઠિત શ્રમિકોને પણ 'ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ' હેઠળ આ રકમ માત્ર રૂ. ૪,૦૦,૦૦૦ હતી. જોકે, તેમાં મુખ્ય ગૂંચ એ હતી કે, રાજ્યના તમામ શ્રમિકો-કામદારોને અલગ-અલગ નિયમો અને પ્રિમિયમની અલગ-અલગ પધ્ધતિઓને કારણે વળતર મેળવવામાં પણ વિલંબ થતો હતો પરંતુ હવે, શ્રમિ-રોજગાર વિભાગે આગામી બજેટમાં આ નવી યોજના રજૂ કરીને રાજ્યના તમામ શ્રમિકોની વીમા સુરક્ષા હેઠળની સ્થિતિ બદલવાનું નક્કી કર્યું છે. જે મુજબ નવી યુનિફોર્મ પેટર્ન અમલ લવાશે અને તમામ શ્રમિકો-કામદારોને અકસ્માત વીમા વળતર પેટે એકસમાન રૂ. ૫ લાખની સહાય અપાશે.

ગુજરાતની સૌથી મોટી, સૌથી જૂની અને સૌથી વધુ વિઝા પ્રોસેસ કરવાનો અનુભવ ધરાવતી સૌથી વધુ વિશ્વાસનીય કંપની

Kanan.co

STUDY IN USA CHOOSE FROM 1500+ GOVERNMENT UNIVERSITIES
STUDY IN CANADA CHOOSE FROM 150+ GOVERNMENT COLLEGES & UNIV.
STUDY IN UK CHOOSE FROM 150+ GOVERNMENT UNIVERSITIES
STUDY IN GERMANY STUDY IN FRANCE
STUDY IN AUS STUDY IN DUBAI

COACHING SERVICES
IELTS | PTE
SPOKEN ENGLISH
FRENCH | GERMAN
GRE | D-SAT

KANAN LOANS
NAVIGATING THE BEST EDUCATION LOAN OPTIONS FOR STUDYING ABROAD
GET YOUR EDUCATION LOAN
APPROVED THROUGH 14+ LEADING BANKS & NBFCS

HEAD OFFICE (VADODARA) 2nd Floor, Trident Complex, Race Course Circle 63593 83355
WAGHODIA ROAD 2nd Floor, Phoenix Resicom 70693 07666
VASNA BHYLI ROAD 3rd Floor, Florence Excellence 97260 56555
MAANJALPUR 2nd Floor, Pinnacle Business Park 99093 66666
SAYAJIGUNJ 2nd Floor, Iscon Janmahaal Complex 95120 46266
KANAN.CO 24/7 HELP LINE: 73555 73555
baroda@kananinternational.com kanan.co

સયાજી હોટેલ્સ (પુણે) લિમિટેડ

CIN: L55204GJ2018PLC161133

રજિસ્ટર્ડ ઓફિસ : કાવા થોડા સર્કલ પાસે, સાયાજીગંજ, વડોદરા, ગુજરાત-390020 ટેલિફોન : 0731-4006666, ઈ-મેલ : cs@shplpune.com, વેબસાઈટ : www.shplpune.com

૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિના માટે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોનો અંશ

(₹ in Lakhs except figures of EPS)

S. No.	Particulars	Standalone				Consolidated			
		Quarter Ended		9 Month Ended	Year Ended	Quarter Ended		9 Month Ended	Year Ended
		31.12.2025 (Unaudited)	31.12.2024 (Unaudited)	31.12.2025 (Unaudited)	31.03.2025 (Audited)	31.12.2025 (Unaudited)	31.12.2024 (Unaudited)	31.12.2025 (Unaudited)	31.03.2025 (Audited)
૧	કામગીરી માંથી કુલ આવક (ચોખ્ખી)	2,198.18	2,114.06	5,983.13	7,676.46	2,198.18	2,114.06	5,983.13	7,676.46
૨	સમય ગાળા માટે ચોખ્ખી નફો/(નુકશાન) (કર પહેલા,અપવાદ રૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ)	840.10	733.11	2,087.87	2,364.01	847.79	714.98	2,087.12	2,300.79
૩	કર પહેલાના સમય ગાળા માટે ચોખ્ખી નફો/(નુકશાન) (અપવાદ રૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી#)	840.10	733.11	2,087.87	2,364.01	847.79	714.98	2,087.12	2,300.79
૪	કર પછીના સમય ગાળા માટે ચોખ્ખી નફો/(નુકશાન) (અપવાદ રૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી#)	575.03	558.66	1,575.34	1,761.97	586.21	545.24	1,577.18	1,694.72
૫	સમય માટે કુલ વ્યાપક આવક (સમય માટે નફો)/(નુકશાન) (કર પછી) અને અન્ય વ્યાપક આવક (કર પછી) નો સમાવેશ થાય છે	574.94	555.48	1,575.09	1,755.57	586.12	542.06	1,576.93	1,688.